આંક–૮

**મહેસાણાની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એ.એન.તલસાણીયા સાહેબ સમક્ષ, મુ.મહેસાણા**

રેફ.(એલ.સી.એમ.) નં. ૨૭૫/૨૦૦૮

(જુનો નં. ૫૧/૨૦૦૧)

પ્રથમ પક્ષકાર – ગોકુલ રીફાઈનરી ઈન્ડસ્ટ્રીઝ,
સુજાણપુરા પાટીયા પાસે, સ્ટેટ હાઈવે રોડ, સિદ્ધપુર.

// વિરૂધ્ધ //

બીજા પક્ષકાર – શ્રી ઠાકોર જયંતિજી ગોપાળજી,
નોર્થ ગુજરાત જનરસ લેબર એસોસીએશન,
૧૨, પથિકાશ્રમ બિલ્ડીંગ, સ્ડશન રોડ, સિદ્ધપુર, જી.પાટણ.

**વિષય – આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે**

<u>પ્રતિનિધિત્વ</u> –

પ્રથમ પક્ષકાર તરફે – શ્રી જે.એલ.દેસાઈ, એડવોકેટ.

બીજા પક્ષકાર તરફે – શ્રી એમ.એચ.ઠાકર, યુનિયન પ્રતિનિધી.

**ઃ– એવોર્ડ ઃ–**

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રી પાટણે તેમના તા.૧૯/૩/૨૦૦૧ ના હુકમ નં. કેએચ/ એસ/એચએમસી/–/એજે/ આઈડીઆર/૮/૨૦૦૧ થી સૌ પ્રથમ બનેલ કલોલ ખાતેની શ્રમ અદાલતને ન્યાય નિર્ણય કરવા અર્થે સુપ્રત કરેલ. ત્યારબાદ અત્રેની શ્રમ અદાલત તા. ૧૫/૧૧/૦૮ ના રોજ અસ્તિત્વમાં આવતા સદર વિવાદ અત્રેની અદાલતને સરકારશ્રીના વખતો વખતના હુકમ અન્વયે ન્યાય નિર્ણય અર્થે તબદીલ કરેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે..

આ કામના રેફરન્સની અનુસુચી જોતાં તે નીચે મુજબ છે.

**ઃ- અનુસુચી ઃ-**

"શ્રી ઠાકોર જયંતિજી ગોપાળજીને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ?

(૨) સદર કામે બીજા પક્ષકાર દ્વારા આંક-૭ થી વિડ્રો પુરસીસ રજુ કરેલ છે જેમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

**- હુ ક મ -**

બીજા પક્ષકાર તેમના પ્રતિનિધિ, સંસ્થા તથા તેમના વકીલશ્રી હાજર છે. પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવી બીજા પક્ષકાર આ કેસ પરત ખેંચવા માંગે છે જે મુજબની આથી પરવાનગી આપવામાં આવે છે.

મહેસાણા.
તા. ૨૨/૪/૨૦૧૮

(અજયકુમાર નટવરલાલ તલસાણીયા)
GJ00790
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત, મહેસાણા